

2023 Around -Shloko Nano & Shloko Moto (1243)




GINAN Granth
સલોકો નાનો
&
સલોકો મોટો
Saloko Naano
&
Saloko Moto

સલોકો નાનો

રચનાર: પીર સદરદીન

&

સલોકો મોટો

રચનાર: પીર શમસ


પ્રકાશક:
ધી શીઆ ઈમામી ઈસ્માઈલી તરીકા
એન્ડ રિલીજીઅસ એજ્યુકેશન બોર્ડ ફોર કેનેડા

realpatidar.com

II

સલોકો નાનો

રચનાર: પીર સદરદીન



શલોકો-નાનો.

(પીર સદરદીનનો.)

સતગુર કહેરે પીયુ પીયુ તો સબ જુગ કરે,
પણ પીયુ ન પાવે કોય;
મુખ જંપતાં જો પીયુ મીલે,
તો સીર સાટાં ન હોયરે. ૧
સતગુર કહેરે સીર સાટાં જો કીજીયે,
અને રેણિ જગાઇયે આપ;
જીવ લગાઇયે જીકરસું,
તો સાચા સુરીજન પાસરે. ૨
સતગુર કહેરે પીયુ પીયુ તો જીવ જંત કરે,
અને પીયુ ન પાવે કોય;
જીભ જપતાં જો પીયુ મીલે,
તો બગલા હંસજ હોયરે. ૩
સતગુર કહેરે બગ હંસ બે પટંતરા,
અને દીસે એક વરણ;
પણ બગ ચરે મન માન્યું,
અને હંસ મોતી ચરનરે. ૪

સતગુર કહેરે કાચ રતન બે પટુંતરા,
અને કસતાં પાયે ભાવ;
કાચ કમાયો વીખ ભરો,
અને રતને અજવાલો હોયરે. ૫
સતગુર કહેરે નુગરા સુગરા બે પટુંતરા,
સરવે સુરત એક સમાન;
પણ નુગરા ચાવે દામકુ,
સુગરા સાહેબજીકા નામરે. ૬
સતગુર કહેરે નામ લીયા સો અતી ઘણા,
અને પ્રેમ પીડા ન લાય;
તો ધુડી ઉપર લીપણા,
જેમ કુટા માંડલ બજાયરે. ૭
સતગુર કહેરે પ્રેમ ભગતી તો રદેહ વસે,
અને અંતર લેહ લગાય;
સાસ ઉસાસે એમ જંપીયે,
જેમ કાને સુરત ન જાયરે. ૮
સતગુર કહેરે જીસમાંહે ઇમાન પરગટયાં,
તિસસેં ગફલત હોવે દુર;
ત્યાં અંધારા શું કરે,
જ્યાં સતગુર કેરાં નુરરે. ૯
સતગુર કહેરે નુરે મંદર સમારીયાં,
અને નુરે રચ્યો આસમાન;

તે નુરમાં હેથી નુર પ્રગટયા,
તેનુ સતગુર નામરે. ૧૦
સતગુર કહેરે અમે આવ્યા એહી લોકમાં,
અને લાવ્યા મુગતનું મુળ;
તે રંગ ભોગ બહુ પદમી પામીયા,
પણ થોડા આશક મુલરે. ૧૧
સતગુર કહેરે ભાગ વડાં તે લોકના,
જેણે કીધાં તપ તીરથ વરત બહુ દીધાં દાન;
તે સરગ ભોગવી હેઠે ઉતરયા,
જેણે ન ઓલખ્યા ગુરનારણરે. ૧
સતગુર કહેરે ભામણ જોગી સીવડા,
તે ભટકતા ભુલ્યા જાય;
જેણે જીવે સતગુર ન ઓળખ્યા,
તે કેમ કરી અમર થાયરે. ૧૩
સતગુર કહેરે સોના રૂપા તો સાચ હે,
અને દીજે અગનકી કસ;
પણ બાજ રસાયણ ગાલીયે,
તે કેમ કરી હોવે રસરે. ૧૪
સતગુર કહેરે ગુરકે સીરતો ગાંઠડી;
અને સેવકને સીર ભાર,
લોહા નાવમાંહે બેશીયે,
તો કેમ કરી ઉતરીયે પારરે ૧૫

સતગુર કહેરે જીસકા ગુર તો આંધળા,
અને ચેલા ઉસકા ફોક;
તે આપ મતીયા મન હઠી,
તે મુવે ન પામે મોક્ષરે. ૧૬
સતગુર કહેરે જુઠાં મરણાં તો સબ જુગ મરે,
અને સાચા ન મરે કોય;
આ ગુર ગીનાને જે મરે,
તીસે બહોડ મરણા ન હોયરે. ૧૭
સતગુર કહેરે સંસાર સાગર માહાજલ હેય,
અને સીર ઉપર ભરયા છે ભાર;
જો સતકી નાવમાં બેશીયે,
તો સતગુર ઉતારે પારરે. ૧૮
સતગુર કહેરે નાવ કીજે હરકે નામકી,
અને માંહે સાચા ભરીયે ભાર;
પવન જો ચાલે પ્રેમકા,
તો સતગુર ઉતારે પારરે. ૧૯
સતગુર કહેરે ભુલા બ્રાહ્મણ જીવ તું ન ભુલીયે,
અને સતગુર બીજો મ જાણ;
એ જીવ પીંડકો જે ધણી,
જેણે નીપાઇ ચારે ખાણરે. ૨૦
સતગુર કહેરે ચાર ખાણમાંહે જીવ તું આવીયો,
અને ભુલ્યો તે બ્હોત અપાર;

પુરવ પુન્ય પોતા તણું,
તો પામ્યો માનખા અવતારરે. ૨૧
સતગુર કહેરે માનખા અવતાર તું પામીયો,
પણુ કોઇ ન જાણે મુક્તનો ભેદ;
એ માણુક મોટો શું થયો,
જો અંતર ન પડયાં છેદરે. ૨૨
સતગુર કહેરે માનખા સરીખી દેહી તેં ધરી,
તે નહી આવે વારો વાર;
પાત્ર પીછાણી બ્રહ્માજ પુજીયે,
તો ફુળ હોવે નીસતારરે. ૨૩
સતગુર કહેરે કાળ સીચાણો સીર ફરે,
અને મત કો બાંધો આણ;
પીયુજી રીદામાંહે રાખીયે,
જેમ રવી ઉગમ્યો ભાણરે. ૨૪
સતગુર કહેરે રવિ ઉગમ્યો ને અજવાળો ભયો,
અને રેણી તે હોવે દુર;
તેમ નવ ખંડમાંહે દેવ પ્રકાશીયા,
જેમ પ્રભાતે ઉગમ્યો સુરરે. ૨૫
સતગુર કહેરે સુરજ ઉગ્યો તે સહુ દીન કહે,
અને રેણી ન કેવે કોય;
તેમ સતગુર જુગમાં મુગતકો દાતાર હે ભાઇ,
અવરાથી મુગત ન હોયરે. ૨૬

સતગુર કહેરે અમે આવ્યા એહિ લોકમાં,
અને લાવ્યા મુગતનો ભેદ;
જેણે નુર સતગુર ભેટયા,
તે અમર હુવા તતખેવરે. ૨૭
સતગુર કહેરે પરતક જોઇયે પારખું,
અને સાચે મને પતીલાય;
એ લોહા પારસ જો મીલે,
તે ક્ષણ એકમાં કંચન થાયરે. ૨૮
સતગુર કહેરે ઇળ ભમરી દોઇ પટુંતરો,
અને લઇ મંદરમાં બાહે;
ભમરી ચટકો ઇયળ સહે,
તો આપ સમાની થાયરે. ૨૯
સતગુર કહેરે ગંગા આવી સરગથી,
અને લાગી વીશનવને ચરણ;
તે માંહે અનેક નદીયું જાઇ ભલે,
તે સરવે ગંગા વરણુરે. ૩૦
સતગુર કહેરે ગંગા તિરથ તો બહુ ફળે,
અને તીરથમાં તિરથ સતગુર પીર;
તે ગંગાથી અલગા રહે,
તેનું કહાવે ફોગટ નીરરે. ૩૧
સતગુર કહેરે ભુત ભગતી તો સબ જુગ કરે,
અને પડયા તે મોટે ફેર;

જીવ જંગલ જાઇ તું વસે,
ત્યાં કોણુ વતાવે સેરરે. ૩૨
સતગુર કહેરે જાઇ જંગલ ભુલો પડયો,
ત્યાં કીસકું પુછે રાહ:
મહા મનમાં જો માણસ મલે,
તો ઠેકાણું બતલાયરે. ૩૩
સતગુર કહેરે સંસાર સુનો ને જુગ અંધો,
અને સુને સુંન પુજાય;
જો પાવઇઆને પાનો ચડે,
તેવો તે જીવ અમર થાયરે. ૩૪
સતગુર કહેરે સાચ જુઠકા પટુંતરા,
અને પરખો તે પરખણહાર;
એ મોતિ ભાગ્યો વીંધતાં,
તેનું ગયું મુલ અપારરે. ૩૫
સતગુર કહેરે સાચાને સીર ચડાવીયે,
જે કહે અંતરની વાત;
જુઠાને કોઇ પુછે નહી,
તે ન જાણે શાહની ધાતરે. ૩૬
સતગુર કહેરે જુઠાને તે જગ પતીત આવે,
અને સાચાને મારે લાત;
જુઠાને જુઠો આવી મલે,
તો બોલે સાતને પાંચરે. ૩૭

સતગુર કહેરે સભા સરીખું સહુ કોઇ બોલે,
અને કોઇ ન બોલે સત ધરમ;
કરે નીંદા ને આપ ન વીચારે,
તીન સીર બેસે કરમરે. ૩૮
સતગુર કહેરે કરમ તો સરવે ઉતરે,
અને ન ઉતરે પરનીંદા ને આળ;
પરગવન ન ઉતરે,
ન ઉતરે આપ હત્યા ને બાળરે. ૩૯
સતગુર કહેરે પાંચ હત્યા તો પાપણી,
જીન સીર લખી નીલાડે આય;
તે નીત ઉઠી ગતમાંહે જાય,
તોએ જીવ અમર ન થાયરે. ૪૦
સતગુર કહેરે તંપ તીરથ કરે સબજુગ,
અને દેતા મહા ભોમદાન;
તોય કરમ ન ઉતરે,
જો કરે ગંગાનું સ્નાનરે. ૪૧
સતગુર કહેરે પાંચ હત્યા પરલોકથી,
અને લખી લોહાને લાય;
તે ફાટે અને ફીટે નહી,
તે ભોગવી છુટે આયરે. ૪૨
સતગુર કહેરે અધોગતે જીવ તું આવીયો,
અને પડયો તે ચારે ખાણ;

તે અધુરો ઇન્ડો ગળ્યો,
તે ન જાણ્યો ઉગમ્યો ભાણરે. ૪૩
સતગુર કહેરે જનમ અંધો જીવ તું રહયો,
અને જોત ગઇ વીસાર;
પાપી તે બ્રાહમણને પંખવે,
તે ન જાણે સાર અસારરે. ૪૪
સતગુર કહેરે સેહસ્ત્ર પચાસ ભોગવી આવીયો,
અને તે માનખા દેહ;
સતપંથ સીર લાગા નહી
જેમ ઉનાળે ઉઠયા મેહરે. ૪૫
સતગુર કહેરે નગરમાંહે ખાડા ખાબોચીયાં
જાઇ ભલે ગંગા માંહે;
પાપી એણિ પેરે પાવન થાયે,
જો જાઇ ભળે સત ધરમ માંહરે.
સતગુર કહેરે રંગ પતંગ તો કુરંગ હે,
અને એસો દુનીઆનો રંગ;
પણ સતપંથ ચોડ મજીઠ હેય,
ભાઇ બાકી રંગ પતંગરે. ૪૭
સતગુર કહેરે તમે રંગ રંગાવો સાચસું,
અને જેસો પટોલે ઢંગ;
તે જડી ગડી ટુકડા હો રહે,
તોય ન મેલે રંગરે. ૪૮

સતગુર કહેરે બાના પેને બાપડા,
અને જગ જાણે એ મીંત;
તે પાપી ખાય પીવે પીંડ પોતાતણે,
તે ન કરે જીવની ચીંતરે. ૪૯
સતગુર કહેરે સતકા બાના પેરીયે,
અને અંતર લેહ લગાય;
શ્વાસ ઉસાસે એમ જપીયે,
જ્યું કાને સુરત ન જાયરે. ૫૦
સતગુર કહેરે આશા મારો સાચસુ,
અને સતકા કરો શણગાર;
નયણે કાજલ નેહકા,
પીયુ કરો ગલેકા હારરે. ૫૧
સતગુર કહેરે સુરા હો કર સીર દેવે,
અને જેમ દુશમનને ઘાય;
તે જીવ ન રાખે આપણો,
પછે મુવે નીવેડો થાયરે. ૫૨
સતગુર કહેરે મુવા તે જે મન મુવા,
અને ધરતી હોવે આપ;
એ પાંચ તતવ કેરા પુતળા,
તે જંપે અજમ્પ્યા જાપરે. ૫૩
સતગુર કહેરે સબ જુગ દેખ્યા નીરધના,
અને ધનવંત ન દેખ્યા કોઇ

ધનવંત ઉસકુ આંખીયે,
જેની પ્રીત પીયાસું હોયરે. ૫૪
સતગુર કહેરે સો ધન સંચોરે આપડે,
જેને ધાત ન ઘાલે કોય;
જરા મરણ ગંજે નહી જીવ આપણા,
પછે મુવે નીવેડા હોયરે. ૫૫
સતગુર કહેરે અમીં પીતે વીખ ઉતરે,
અને પાણી પીતે ત્રષ્ણા બુજાય;
ભોજન જમે ખુધીયા ભાંગે,
તેમ હરી જપતા પાતક જાયરે. ૫૬
સતગુર કહેરે મીઠી દુનીયા સરવે દુર કરો,
અને માયામાં ન લાવો જીવ;
જનમ ગમાઇયે પ્રેમસું,
તો પામીએ સાચા પીવરે. ૫૭
સતગુર કહેરે પીયુ પીયુ તો સબ જુગ કરે,
અને પીયુ ન પાવે કોય;
મુખ બોલે એક વાણી કહે,
પણ પીયુની ધાત ન જાણે કોયરે. ૫૮
સતગુર કહેરે ધાત હમારી જે સમજે,
તે ચાલે સાચે સેર;
તે ઘર પોંચે આપણે,
તે કદી ન આવે ફેરરે. ૫૯

સતગુર કહેરે પ્રેમ પીયાસી મન વસે,
અને મનમાંહે કીયા નેહ;
એ દુનીયા દુરીજન દાખવે,
તે જલ બલ હોવે એહરે. ૬૦
સતગુર કહેરે પ્રીત પીયાની દોયલી,
અને પ્રેમ પીડા હે સુલ;
એ કનક કસોટે આપકું,
તો ચઉદા પાવે મુલરે. ૬૧
સતગુર કહેરે મુલ પાયા સો મર ચલા,
જેને કલેજે લાગ્યા બાણ;
વજર વેજો લાગે નહિ,
તે પરબત કેરા પાણરે. ૬૨
સતગુર કહેરે પાણા પરબોધી મેં રસ કીયા,
ન ગલે નુગરા મહા અજાણ;
એરણ મેલવા ટુકડા,
ગુર વીના તે જુઠા બાણરે. ૬૩
સતગુર કહેરે બોણ બોહેલા ગુરે બોલીયા,
અને સમજે તે સાચા કોઇ;
એ લોહાથી અખર પરગટયા,
ભાઇ પાળે સો પંડીત હોયરે. ૬૪
સતગુર કહેરે પંડીત પડયા બોત કર;
અને સાચા ન લીયા સેર,

જો ઓતેરા દોડીયે,
તો પડીયે મોટે ફેરરે. ૬૫
સતગુર કહેરે ફેરા તો તીસકું પડે,
જેને કીયા મંદરમાંહે દોઇ;
નવસા કેડા પરગટયા,
તેનું મરમ ન બુજે કોયરે. ૬૬
સતગુર કહેરે ભેખ હમારિ કણુસરી,
અને સબ જુગ દેખે ભી આય;
ગુણવંતા ગુણ આખીયે,
પછે મુવે સુકરીત લખાયરે. ૬૭
સતગુર કહેરે ભેખ સારા જગ કરે,
અને કર પરગટ દીખલાય;
એ જીભ જપતાં પીયુ મલે,
સો મીંદર પીયુ પાયરે. ૬૮
સતગુર કહેરે પીયુ પીયુ કરતાં જો પીયુ મીલે,
અને સીર ઉપર ભરયા ભાર;
જો મન ખેલે મોકળા,
ભાંગી નાવ ન હોવે પારરે. ૬૯
સતગુર કહેરે ગીનાની પંડીત જુગમાંહે કીલાવે,
અને ચરણુ પીલાવે આપ;
મરમ ન જાણે મોક્ષકા,
તો અદકા કરણાં પાપરે. ૭૦

સતગુર કહેરે પાપ પરજાલીને છોડીયે,
જો ટુંક ટુંક દેહ હોય;
જો દમ ઉઠે નાભથી,
તેનું મરમ ન બુજે કોયરે. ૭૧
સતગુર કહેરે દમો દમ હરી જપીયે,
અને અવરા તે ચીંત ન લાય;
પીસું પટુંતરો રતી ન રાખીયે,
જ્યું સમંદર લહેર સમાયરે. ૭૨
સતગુર કહેરે જીકરજ લાવો જીવડા,
અને રેણી તે હોવે હાથ;
જો દમ ઉઠે નાભથી,
તબ પીયુસું કરણા વાતરે. ૭૩
સતગુર કહેરે વાતે વડા ન હોઇયે,
કર માણક મુખ લે સાહેબજીકો નામ;
સાચ વીના જો જપીયે,
જ્યું ઉજડ ખેડા ધામરે. ૭૪
સતગુર કહેરે ઉજડ ખેડા તો પીર વસે,
અને નીરધનીયા ધનવંત હોય;
પણ એક અચંબો આંખીયે,
ભાઇ મુવા ન જીવે કોયરે. ૭૫
સતગુર કહેરે સુની પુજા શું કરો,
અને જાગતી જોતને માન;

પ્રીત ન પાલે જ્યાં લગી,
તે જીવ પડયા ચારે ખાણુરે. ૭૬
સતગુર કહેરે સતીયા સતીયા જુગમાંહે ઓત કેલાવે
અને સતી તે વિરલા કોઇ;
સબ જુગ સોવે ને આપ જાગે,
અને જીકરે દરશન હોયરે. ૭૭
સતગુર કહેરે અડસઠ તીરથ મેં ગયા,
અને દેખા દેવ અનતરે;
એ સાર આપે દેવલ દેવતા,
રખીસર સાંભલો એકે ચીંતરે. ૭૮
સતગુર કહેરે અડસઠ તીરથ મેં ઢુંઢકર દેખીયા,
અને ક્યાં પાણિ ક્યાં પહાડ;
એ ઉજડ ઘરકા પરોણલા,
તે કેસા પાવે માનરે. ૭૯
સતગુર કહેરે ઘરમાં તીરથ સનમુખ હે,
અને ઘરમાંહે ધરમ દુવાર;
ઘરમાંહે દેવલ પુજીયે,
અને ઘરમાંહે મુગત દીદારરે. ૮૦
સતગુર કહેરે ઘટમાંહે તીરથ સનમુખ હે,
અને ઘટમાંહે ધરમ દુવાર;
ઘટમાંહે દેવલ પુજીયે,
અને ઘટમાંહે મુગત દિદારરે. ૮૧

સતગુર કહેરે ઘર ઉપર જેમ દીવડો,
અને માંહે કાલી રાત;
એ ફોગટ ધોણુ બાહેરકા,
અને કાફલ જાવે સાથરે. ૮૨
સતગુર કહેરે ગંગા જમના સરસ્વતી,
અને તે માંહે નાહીયે પુરા સંજોગ;
તોય અંતર દાગ ન ઉતરે,
પછે લીલા કરાવે ભોગરે. ૮૩
સતગુર કહેરે તીરથ ત્રવેણીમાં નાહીયે,
અને જપીયે અજમ્પ્યા જાપ;
પાંચ પવિત્ર કીજીયે,
તો કુળના જાવે પાપરે. ૮૪
સતગુર કહેરે પર નીંદા નર જે કરે,
અને કરે અજાણી વાત;
તે નરગ પડે જીવ પોતા તણું,
પછે એકોતેર પુરીયા નહી સાથરે. ૮૫
સતગુર કહેરે જીકરજ લાવો જીવડા,
અને દીલ ભીતર જપીયે સાહેબજીકો નામ;
એ દયા સમરથકી પ્રીત કરો,
પછી અંતકાલે નારાયણુરે. ૮૬
સતગુર કહેરે પુરી પ્રીતે પીયુ મળે,
અને વણુ પ્રીતે દુરજ હોય;

જળ મધે જેમ કમળડી,
તેને અંગ ન લેટે તોયરે. ૮૭
સતગુર કહેરે ભલકાં વાગે ભાવકા,
અને પડે પ્રેમકે ઘાય;
જો પીડા હોવે પ્રેમકી,
તો નયણે નીંદ ન આયરે. ૮૮
સતગુર કહેરે નીંદ બીચારી ક્યા કરે.
જો બંદા હોય હુશીઆર;
પીયુ પીયુ કરતા રેણી ગુમાવે,
પછે હોવે પરભાતરે. ૮૯
સતગુર કહેરે પ્રભાતે રવી ઉગીયો,
અને નવખંડમાંહે હુવો પ્રકાશ;
જ્યાં જોઇયે ત્યાં તેટલો,
એમ સરવ ઘટ પીયુકો વાસરે. ૯૦
સતગુર કહેરે સોના વેચી સાજન લીજીયે,
અને મોતી કેરે મુલ;
વે સાજન કેમ છોડીયે,
ભાઇ લોકાં કેરે બોલરે. ૯૧
સતગુર કહેરે બોલે બોલે લીજીયે,
અને પીયુને પીછાણુ;
સીર સાટે જો પીયુ મીલે,
તોબી સોંઘા જાણુરે. ૯૨

સતગુર કહેરે સીર સાટાં તો કીજીયે,
જો પીયુજી વીકાતાં હોય હાટ;
તો એક ક્ષણુ વીલંબ ન કીજીયે,
એ ભાઇ હાથ દીજે કાટરે. ૯૩
સતગુર કહેરે ઇશ્ક તો વાડીમાં ન નીપજે,
એ ઇશ્ક તો હાટ ન વેચાય;
ઇસ્ક તો હઇડા માંહે નીપજે,
તે હઇડું કોરી ખાયરે. ૯૪
સતગુર કહેરે પ્રેમરસ તો અતિ રસ મીઠડાં,
અને જે કોઇ દેખે ચાખ;
શાહા જો પાવે સીર લગી,
તેનું હઇડું દેવે સાંખરે. ૯૫
સતગુર કહેરે હરી રસ જેણે ચાખીયા,
અને અવરા સુખ નહી બાય;
પ્રેમ માતામેં જો મરે,
તે બેઠા પ્રેમ રસ ખાયરે. ૯૬
સતગુર કહેરે સુજ પ્રાણીને કસીયે,
અને સુવે દાગ દીધો ન જાય;
તેનું માંસ ગલી ઢલી ભોંય પડે,
ભાઇ તેનું પંજર રહે ન ગલાયરે. ૯૭
સતગુર કહેરે સતી થઇ તો કયું રહિ,
જો ન જલી પીયુજીકે લાય;

જા જા ન મુઇ ઘેલડી,
પ્રેમ લાજ ન માયરે. ૯૮
સતગુર કહેરે મોટ ન કરસેરે મીયાં મીયાં,
અને પાખર નાંખી જોય;
ત્યાં નાંખણુહારા શું કરે,
જેનાં બાણુ ન વાગા તોયરે. ૯૯
સતગુર કહેરે લીલા ગેમર જારીયા,
અને પાણી તણે સનેહ;
પણ સુકો સાલ બીચારો શું જાણે
જો કેતા ઉઠા મેહરે. ૧૦૦
સતગુર કહેરે ઉગીયા તેને ધ્યાવીયે,
અને વારો તેની આણુ;
કાલ ભોજન જમીયા,
તેના ભાઇ આજ શા વખાણુરે. ૧૦૧
સતગુર કહેરે ભુલાવણે જીવ તું આવીયો,
અને ભુલ્યો તે માહા અજાણુ;
ચોરાશીવાર જીવ તું આવીયો,
તોય ન મારયા પાંચે કાળરે. ૧૦૨
સતગુર કહેરે પાંચ કાળ જેને વસ કીયા,
મરી રહયા જુગ માંહે;
પછે સતગુર સાથી કીજીયે,
તો જીવ અમરાપુરી જાયરે. ૧૦૩

સતગુર કહેરે દુનીયા દુરીજન દુર કરો,
અને અંતર લેહ લગાય;
સતગુર દિપક હાથ કરી,
ઢુંઢે સો મોમન પીયુ પાયરે. ૧૦૪
સતગુર કહેરે દુનીયા રંગ ધુમા કેરા,
અને કોય ન જાણે ભેદ;
સુની પુજા જુગમાંહે કરે,
ભાઇ વરત્યા વાંચે વેદરે. ૧૦૫
સતગુર કહેરે દુનીયા દોડે ઓતકર,
અને દોડે ન પાવે કોય;
ઉજડ મીંદર જાઇ ઉતરે,
તીસે કોણ પીલાવે તોયરે. ૧૦૬
સતગુર કહેરે સાચા સાચી વાટે દોડીયે,
અને શાહા ગયા જીસ વાટ;
જોતા જોતા જાઇયે,
અને હાંડે પાઇયે ઘાટરે. ૧૦૭
સતગુર કહેરે પગલે પગલે ઢુંઢીયે,
અને જોઇયે સતકી વાટ;
સત વીના જે ચાલીયા,
તે ઘડાય ઓતેરા ઘાટરે. ૧૦૮
સતગુર કહેરે વેળા આવી વીખડી,
અને ચેતો તે ચેતણહાર;
તમે આપજ રાખો આપણું,
અને ચલણા ખંડાની ધારરે. ૧૦૯

સતગુર કહેરે સુળી ઉપર નાચણાં,
અને ખેલે તે ખેલણુહાર;
સામી અણીયે ચલણાં,
ભલકાં પડે તેણી વારરે. ૧૧૦
સતગુર કહેરે કોલ હમારા સાચ હે,
અને સાચે મન પતિલાય;
ફરી ફરી નહી આવણાં,
પછે એકોતેર સાથે જાયરે. ૧૧૧
સતગુર કહેરે ગઇ ગઇ બાતાં ક્યા કરો,
અને હાજર બુજે . ભેદ;
બાર કરોડ લઇ ચાલીયા,
એવા સાચા ગુરૂ સોહોદેવરે. ૧૧૨
સતગુર કહેરે પરતક ઉગ્યા ને પરગટયા,
અને ભીતર ચાંદરૂણા હોય;
એ સોલ કલાસું ઉગીયા,
તેની રસાણ ન બુજે કોયરે. ૧૧૩
સતગુર કહેરે રસાયણ સારી સતકી,
અને સતસું ચાલ્યા જાય;
એ સત વીના જે ચાલીયા,
તે બોતેરા ફેરા ખાયરે. ૧૧૪
સતગુર કહેરે કલજુગમાં અથરવેદ હે,
અને થર નહી સંસાર;

આ વેદ વાયકે જે ચાલીયા,
તે તસ્કર લગયા પાસરે. ૧૧૫
સતગુર કહેરે કરતા જુગમાં હે પેલાજ તારીયા,
અને સીધા તે પાંચ કરોડ;
પાંચે પુરા શેવીયા,
તેણે મનમાંહે ન જાણી મોડરે. ૧૧૬
સતગુર કહેરે ત્રેતા જુગમાંહે હરિચંદ તારીયા,
અને સીધા તે કરોડ સાત;
સાતે સતીયે સરેવીયા,
તે કેની ન કરતા વાતરે. ૧૧૭
સતગુર કહેરે દુવાપુર જુગમાંહે નવ કરોડ તારીયા,
અને પંડવે ગળાવી દેહ;
તેણે સત ન ખોયું આપણું,
અને હરીસું રાખ્યો નેહરે. ૧૧૮
સતગુર કહેરે કલજુગમાં પીર સદરદીન સાચ હે.
અને સાચા તે કરોડ બાર;
સાચા તે સાહેબને સરેવતા,
તેણે ન કીધી વારરે. ૧૧૯
સતગુર કહેરે પીર સદરદિન સાચ હે,
તમે ઘુજો તે સુમન લેવ,
ચાર જુગના જીવ ભુલીયા;
એમ બોલ્યા ગુર સોહોદેવરે. ૧૨૦

સલોકો મોટો

રચનાર: પીર શમસ

શલોકો–મોટો.

(રચનાર–પીર શમ્સ.)

સતગુર કહેરે દીલમાંહે દેવલ પુજીએ,
અને દીલમાંહે દેવ દુઆર;
દિલમાંહે સાંઇયા આપે વસે,
અને દિલમાંહે આપે દીદારરે ૧

સતગુર કહેરે આપે હરીયા લહેર હે,
અને આપે દેવ મોરાર;
આપે સબકુ દેખત હેય,
પણ અંધેકે મન દુરરે. ૨

સતગુર કહેરે સતપંથી તે જે સતસું રહે,
અને બુરો ન રાખે મન;
સતપંથી તે સાચા કહીયે,
બાકી સરવે રદરે. ૩

સતગુર કહેરે સતપંથી તે સુરા ધ્યાનસું,
અને સુરાને હે સુર;
તે ઉપર કોઇ ખનું કાઢે કહેરનું,
તોય સુરા ન છોડે સુરરે. ૪

સતગુર કહેરે જેણે રંગ લીયા અમ તણા,
તેને કેસા હે ગુમાન;
જે જેવાં હોવે મોમનાં,
તે તેવો લાવે ઇમાનરે. ૫
સતગુર કહેરે જેસા જીવ હોવે આપણા,
તેસા તું અવરાને બુજ;
જેણે પારકું દેખ્યા ભુંડકા,
તે તો આપે હોસે જુઠરે. ૬
સતગુર કહેરે હીરામોતી લાલ હે,
તે સબ બજાર ચોક વેચાય;
તે જેણે કાચ લીયા જાઇને હાથમાં,
તેને લાલ મોતી ન સોહાયરે. ૭
સતગુર કહેરે અમે સરવે જુગ દેખ્યા,
અને દેખ્યાં સઉનાં મન;
જે મોમન જેવું બોલસે,
તેનું તન મન તેવું પ્રાણરે. ૮
સતગુર કહેરે જેણે ધરમ જોયા સતના,
અને જોયા વેદ વીચાર;
તે ઇમાન રાખસે સતસું,
અને ગુર ઉપર રાખસે પ્યારરે. ૯
સતગુર કહેરે જેણે વેદ જોઇને વીચારયું નહી,
અને તેનું વેદસું નહી કામ;

તે ઢાલા આયા ને ભુલા ગયા,
તેની વેદમાંહે નઇ સાંખરે. ૧૦
સતગુર કહેરે બ્રમગનાન માંહે જો રહયા,
વળી દાનત રાખે ઠામ;
તે તો સોળ કલાની જોતમાંહે,
તેને સુજે સરવે કામરે. ૧૧
સતગુર કહેરે જેણે કળા જોઇ દીનકી,
તે જીવ પરલે નઇ જાય;
ભણે સતગુર સમસ ભાઇ તે,
અંતે ભેળાં થાયરે. ૧૨
સતગુર કહેરે અમારા રંગ જે દેખસે,
તેને દીન સુજે સાર;
તે જો લાખ આવી વેરી મલે,
તોય ન મેલે સતની સેવરે. ૧૩
સતગુર કહેરે દેખ્યા ખેલ જેણે સતસું,
તે કેમ મેલે સતસું નેહ;
તો જો લાખ ક્રોડ અસ્તી આવી મલે,
ભાઇ તે માંહે સરવે તેહરે. ૧૪
સતગુર કહેરે સાર સું થાસે તે લોકની,
જેને નથી વેદ વીચાર;
તે વાણુ ન બોલે સત ધરમની,
ભાઇ ગનાન ન બોલે તેહરે. ૧૫

સતગુર કહેરે જેને કલેજે બાંણુ લાગાં નેહ તણું,
તેની દ્રસ્ટી અવર કેમ જાય.
તેનું પીંડ ચાલે મરત લોકમાં,
તેની સુરતી આકાસે જાયરે. ૧૬
સતગુર કહેરે સુરત નીરત જેની રેણી માંહે,
અને સત સોહાય તેને સાર;
ચાર સુરત સુજે દીપક તેને દીલમાં,
તે જંપે અજંપ્યા જાપરે. ૧૭
સતગુર કહેરે અજંપ્યા જાંપ જીસ ઘટ વસે,
તીસ ઘટમાં સઈ દીપક જાણ.
સોળ કળા સુજે તેને દીલમાં,
ભાઈ તેને કળજુગ ન લુપે જાણુરે. ૧૮
સતગુર કહેરે તે દીપક જાગ્યા જાંપસું,
તે માંય સુરત નીરત સમાય;
સતસો તેને જીભે રહે,
ગુર કહે હું પાસ તેને સહી જાણુરે. ૧૯
સતગુર કહેરે જેના દીલમાં ગુર બ્રહમા વસી રહયા,
તેને કેમ સુજે નીંદા ચેન;
તે સંસારની વાતો સાંભલે તોય,
ન ડોલાવે પોતાનું મનરે. ૨૦
સતગુર કહેરે જેના ઘટમાંહે પીરસાહ વસ્યા,
અને ભરપુર બેઠા જાણ;

તેને સેતાન કેમ લોપસે,
જે દીલ માંહેથી મારી કાઢસે કાળરે. ૨૧
સતગુર કહેરે સેતાન તેને લોપસે,
જે જીવ બેગનાની થાય;
તે જાણી બુજી છાંદો રાખસે,
તેને મુવે મોક્ષ ન થાયરે. ૨૨
સતગુર કહેરે છાંદો નેહ ન રાખીયે,
અને છાંદે મોખ ન થાય;
સતગુર સરેવો સાચસું;
તો પાપ નજીક ન થાયરે. ૨૩
સતગુર કહેરે પાપ તો જુગમાંહે અતીઘણું,
અને સહુ સભા લુંટાય;
સતીજન જુઠ ન બોલીયે;
જો શેહસ મારણુ હારા થાયરે. ૨૪
સતગુર કહેરે જીસ માંહે નુર પરગટાં,
તેની આંખીયું હુઇ અનત;
તેને લાખ અંધારાં આવી વસે,
તોય ન મેલે સતનું ઠારરે. ૨૫
સતગુર કહેરે ગીનાન વીચારી જે ચાલીયા,
તે દુનીયાસું રહેસે દુર;
સંસાર સાગર તો મહા દુખ હે,
અને સતગુર બીજો મ જાણરે. ૨૬

સતગુર કહેરે તીરથ નાહીયે લવેણી,
જ્યાં નરીજંન હેય હજુર;
તે પાપ છોડાવે જુગ ચારનાં,
જો મનમાંહે ન આણે મોટરે. ૨૭
સતગુર કહેરે ગુર નર દોનું એક હેય,
તે વસે છે મીલછા માંહે;
તેને સરેવજો રદેહસું,
અને મનમાંહે ન લાવજો ખોટરે. ૨૮
સતગુર કહેરે જ્યાં નુર પરગટ પધારીયા,
ત્યાં દઇતનું છે બહુ જોર;
ત્યાં જુઠો બોલીને જીવ છોડાવસે,
ભાઇ તેનું દઇત છે નામરે. ૨૯
સતગુર કહેરે પતંગ એકતીલ તોલ હુએ,
અને વનસ્પતી ભાર અઢાર;
તે એક તીલ પતંગ જો જલાવસે,
તો અઢાર ભાર થુળ સુળ જલાયરે. ૩૦
સતગુર કહેરે કાયામાંહે અઢારભાર વનસ્પતી છે,
અને તેને લાગે અનત ખેલનુ ફળ;
કાળ કરોધ જુઠ કરે આતમા,
તે પતંગ જીસું જલાવે સારરે. ૩૧
સતગુર કહેરે જીસ મુખથી હરી નામ જંપીયે,
તીસ મુખ વરસે નુર;

તીસ મુખથી જો જુઠ બોલીયે,
તે સતપંથી નહી સારરે. ૩૨
સતગુર કહેરે સતપંથી થઇને જે મીલછામાંહે ભળસે,
તેનું ઇમાન ઓછુ થાયે;
તે તો ચાર જુગમાં ભુલ્યા,
પછે આખર નરગે જાયરે. ૩૩
સતગુર કહેરે ફેરા હતા તે ફરી રહયા,
અને ઇ છે સતગુરની સાંખ;
હવે ઇમાન જો તમો ડોલાવસો,
એવો અવતાર ફરી નહી થાયરે. ૩૪
સતગુર કહેરે છેલી નીશાની એ કહું,
અને તેરસો સંઘનો દોર;
હવે ચેતણુ હારા તમે ચેતજો,
એમ બોલ્યા સતગુર સમસ પીરરે. ૩૫
સતગુર કહેરે છેલી સંઘે આવીયા,
અને આવ્યા ગતમાંહે જાણુ;
હવે ગતમાંહે જેણે ન ચેતીયા,
તે નરગે પડસે નીરવાણુરે. ૩૬
સતગુર કહેરે ગતમાંહે સરવે વાપીયા,
અને વાપ્યા દેવ નારાયણુ;
જેણે જાણી ગતમાંહે જુઠુ બોલીયા,
તેને નહી મલે ગુરનર જાણુરે. ૩૭

સતગુર કહેરે વેળા આવી જમ તણી,
તેમા કોનું ન ચાલે જોર;
આ જમને જોરી જે ચાલસે,
તેણે જોત દીઠી છે આંચરે. ૩૮
સતગુર કહેરે જમને જોડી જે ચાલસે,
તેણે જોત દીઠી સહી સાર;
તે તો જોત છે દીનની,
તેને દુનીયા ન જાણે કોયરે. ૩૯
સતગુર કહેરે દુનીયાં તો સગલી પતંગ તોલ હે,
અને વસે છે અઢાર ભારમય;
તે પતંગ જીસ ઘટ વાપીયા,
ભાઇ તાસું પ્રીત મ રાખરે. ૪૦
સતગુર કહેરે આંચે વલગીઉ પતંગીઉ નહી,
તે જોત દેખી નાસી જાય;
તેણે જોતનો ભેદ ન જાણીયો,
તે આપે બળી બળી જાયરે. ૪૧
સતગુર કહેરે સરવ દુનીયાં જોત નવ દેખે,
અને જોત દેખી નાસી જાય;
તે જોતનો ભેદ જો બાહેર કાઢીયે,
તો દુનીયામાં ઘેલો કેવાયરે. ૪૨
સતગુર કહેરે દુનીયાં સરીખો ચાલીયે,
તો દુનીયાનો માણસ કહેવાય;

પછે સરગતો કરમે મલે,
અને દુનીયાં સરીખો થાયરે. ૪૩
સતગુર કહેરે દુનીયાં સરીખો જે ચાલસે,
તેનુ મન રાખે સભ કોઇ;
જે વાટ છોડી ઉવાટે ચાલસે,
તેને કાંઇ ન કેવાયરે. ૪૪
સતગુર કહેરે દુનીયાં છોડી જે દીનસુ ચાલસે,
તેનુ આસણુ છે શાહપીરને પાસ;
ત્યાં દરસન દેખે તે નુરના,
તિયાં દુનીયાં થાયસે હલાખરે ૪૫
સતગુર કહેરે દુનીયા કાલે ફ્નાહ હોઇ જાસે,
તમે મત છોડો સાહપીરસું રંગ;
જો સીર કાપી સંસાર લીયે,
ભાઇ તોય ન છોડો સાહસું સંગરે. ૪૬
સતગુર કહેરે પીયુ તો વસે છે જોતમાં,
તે આવસે ઘટમાં જાણુ;
તે ઘટમાં દીવો કીજે ધરમનો,
તો ધરમ ઉતારે પારરે. ૪૭
સતગુર કહેરે ધરમ મોટુ સાચનુ,
તે સાચો સાચ કેવાય;
જેના ઘટમાં નુરજ વાપીયા,
તે કુડસું ન રાખે હેતરે. ૪૮

સતગુર કહેરે કુડસું ધરમજ જાયસે,
અને ઘટમાંહે પડે અંધકાર;
તે મુખથી ગનાનજ બોલશે,
અને મનમાંહે બાજી કારરે ૪૯
સતગુર કહેરે એવા કુડ કપટ સરવે મેલજો,
અને લેજો ધરમ આચાર;
કાયા કાચી કાલે ગળી જાઇસે,
પછી આગલ થાશે દુખ અપારરે. ૫૦
સતગુર કહેરે કાલે કાળજ આવશે,
અને લેસે જીવ ઉઠાઇ;
ત્યાં એકલું સઉ કોઇ થાસે,
ત્યાં કુડા થાસે ખુવારરે. ૫૧
સતગુર કહેરે ખરાને સીર છત્ર ઢરાવસે,
અને બેસશે શાહ પીરને હજુર;
કુડાં ત્યાં બહુ રોશે,
અને રોશે સભાને પાસરે. ૫૨
સતગુર કહેરે ધરમ હમારો ઉતમ છે,
તે ઉતમ સદા સહી જાણ;
સતપંથ સોળ કળાશું ઉગીયા,
જેણે જાણ્યો અમારો ભેદરે. ૫૩
સતગુર કહેરે અમારો ભેદ જેણે જાણ્યો,
અને જાણી અંતરની વાત;

તીસ ઘટ નીંદા ન હોસે પારકી,
તે સતની કરશે વાતરે. ૫૪
સતગુર કહેરે જીસ ઘટ નીંદા વાપરી,
અને વાપરી અજાણી વાત;
તિસ ઘટ સેતાન વાપીયા,
તે અધુરા દીલના કેવાયરે. ૫૫
સતગુર કહેરે જીસ ઘટ ઓછો વાપરયો,
અને નહી ત્યાં ઉતમ વાત;
તિસ ઘટ દલ ઉલટયાં,
તે દળ દાડવનાં નીરવાણુરે. ૫૬
સતગુર કહેરે દળ દાડવનાં ત્યાં ઉલટે,
ત્યાં સત ન સુજે લગાર;
તે ગતમાં આવીને બેસશે,
પણ નીંદાસું રાખશે વેવારરે. ૫૭
સતગુર કહેરે પાપી તો ઘણું જીવશે,
તેને અમારી છે આશીશ;
તેનુ કોઇ જીવ નહિ છોડાવશે,
તે પડશે નરગ દુવારરે. ૫૮
સતગુર કહેરે જીસ ઘટ નીંદા વાપરી,
તીસ ઘર સેતાન પ્રકાશ;
તે એબ કાઢે સહુ તણાં,
તેને બેકોલી સહી જાણરે. ૫૯

સતગુર કહેરે સંસાર નાગો ને દિન સુનું,
તે માંહે જે એબ ઢાંકે જાણ;
સતપંથી તેનુ નામ કહિયે,
જો કેના એબ ન કાઢે બહારરે. ૬૦
સતગુર કહેરે ધરમની વાણીયે ચાલજો,
અને ધરમનો છાનો કરજો નેહ;
જે ધરમને પાળે સતપંથી,
ભાઇ સતપંથી તેનુ નામરે. ૬૧
સતગુર કહેરે જ્યાં નીન્દા થાય દુનીયાં તણિ,
ત્યાં નહીં અમારૂ ઠામ;
ત્યાં બેસી જે કોઇ સાંભળે,
તે જાણો સેતાનના કામરે. ૬૨
સતગુર કહેરે નીંદાયે રાવણ મારીયો,
અને મારયો કૈરવ દુરજોધન હાર;
નીંદાયે ગાંગીયો ભીખમ ગયો,
અને ગઇ હેમાવન્તી નારરે. ૬૩.
સતગુર કહેરે નીંદાયે સંખો મારીયો,
અને નીંદાયે હરણાકંસ જાઇ;
નીંદાયે ત્રીસંકુ ગઇયો,
જેની કુળ હરીચંદ કેવાયરે. ૬૪
સતગુર કહેરે નીંદાયે પાંચને બોળીયા,
વળી પેલાજની કુળ કેવાય;

તે ધરમ કરતા એકઠા,
તે નીંદાથી અવગતિયા થાયરે. ૬૫
સતગુર કહેરે નીંદાયે સાતને હરાવીયા,
તે હરીચંદની કુલ કેવાય;
તેણે એબ ચડાવ્યા તારા રાણીને,
તે પડયા ગોડ અંધાર જાઈરે. ૬૬
સતગુર કહેરે જે ધરમ કરતા એકઠા,
અને રચતા નરજોત હજુર;
તે જાણી અજાણી વાતુ કરતા પારકીયું,
તેથી પડયા ગોડ અંધારે જાઈરે. ૬૭
સતગુર કહેરે જે ધરમીને એબ ચડાવતાં,
તે ધરમી ગતમાં બેસતા જાણુ;
સાત સરગમાંહે તે પોચીયા,
સતી તારા રાણી હરીચંદ જાણુરે. ૬૮
સતગુર કહેરે નવ કરોડની નીંદા મંડાવી,
તે સતાવીસ કરોડ માંહે;
તં દીદાર કરતા સરવે એકઠા,
તે પાંડવાને દુવારે જાઈરે. ૬૯
સતગુર કહેરે તે દીદાર કરતા હરી તણા,
વળી તે નીંદા કરતા તેહ;
જે નીંદા કરતા સત ધરમની,
તે પડયા નરગજ માંહરે. ૭૦

સતગુર કહેરે પાંડવ સરિખો ભગત કોઇ નઇ,
જે માંહે કુળ શાહાની આય;
તે દેખતા નવ કરોડ પોંચીયા,
તે અભીયાગતને આધારરે. ૭૧
સતગુર કહેરે નીંદા સરીખો પાપ તો કોઇ નઇ,
જેણે લુંટા આલમ સંસાર;
સતપંથીની જે નીંદા કરતા,
તેને હબીયા દોજક ન રાખે જાણુરે. ૭૨
સતગુર કહેરે હબીયા દોજકમાં જે જીવ પડશે,
તેને ત્યાં સુખ નઇ લગાર;
તેને એક ખાઇ બીજો આરોગસે,
તેના એવા હવાલજ થાયરે. ૭૩
સતગુર કહેરે તે સતાવીશ કરોડમાંથી પરલે ગયા,
જેણે રાખ્યો પરનીંદાસુ નેહ;
તે ઠાલા આવ્યા ભુલા ગયા,
તે પાંડવ દેખતાં જાણુરે. ૭૪
સતગુર કહેરે નીંદાયે ચોવીસ કરોડને બોળીયા,
અને બોળ્યા હાજરા હજુર;
સતગુર બ્રહ્મા પીર સદરદીન કહીયે,
તેનુ નબી માહમદ નામરે. ૭૫
સતગુર કહેરે હરીના સાચા જીવડા ચાલીયા,
તે દરશંન કરતા નીતો નીત;

તે માંહેથી પોતાને ઓડી ચાલીયા,
તે ચોવિશ કરોડ તેને ઠામરે. ૭૬
સતગુર કહેરે નીંદા કરતા તે જીવની,
વળી તે એકઠા બેસતા જાણ;
તે નીંદા માંહેથી એટલું પામીયા,
તે નરગમાંહે ગયા નીરવાણરે. ૭૭
સતગુર કહે જે ગુર સાચા દેવતા,
તે ગુર સેસ્ટીના સીરજણહાર;
જેણે ગુરનર પીછાણ્યા ઇમાનસું;
તેસું નીંદાનુ ન ચાલે જોરરે. ૭૮
સતગુર કહેરે અમે અપરાધી બઉ લાવીયા,
અને લાવ્યા સંસાર સાગર માંહે;
અમારા વચન જે માનશે નહી,
તે જાશે નરગ માંહેરે ૭૯
સતગુર કહેરે અમે અથર વેદ ભાંખીયા,
તે અમારા મુખથી જાણ;
તે અમારા મુખની ભાખ્યા નહી સાંભળે,
અને રાખસે નીંદાસુ નેહરે. ૮૦
સતગુર કહેરે નીંદા એવી જાણીયે,
જેસી કુવારી કન્યા જાણ;
નીંદા પારકી જે કરે,
તેને કુંવારિ કન્યાનુ કલંકજ જાણરે. ૮૧

સતગુર કહેરે કુંવારિ કન્યા ધરમ ઠામ છે,
તેને પીતા લાગે પાય;
તે પીતાને કન્યાનુ કલંક ચડે,
જે કરે પારકી નીંદા જાણ્રે. ૮૨
સતગુર કહેરે દસ આસમાન અમે જોયાં,
અને જોયાં સરવે સંસાર;
સહુમાંહે અમે જોઇયાં,
તો નીંદાની બહુ છે પુકારરે. ૮૩
સતગુર કહેરે સતપંથ સરીખો કોઇ નઇ,
જેની નર પાસે છે સાખ;
તે સતપંથ પુજાનુ ધરમ સરવે જાસે,
જે નીંદાસુ રાખે વેવારરે. ૮૪
સતગુર કહેરે નીંદાયે ધરમજ જાશે,
અને નીંદાયે જાસે વેવારરે;
નીંદાયે સરગજ જાશે,
અને નીંદાયે જાશે દિદારરે. ૮૫
સતગુર કહેરે નીંદાયે બંધવ લડસે,
અને નીંદાયે પુત્ર પીતાની કરે ઘાત;
નીંદાયે નારીને કલંક ચડાવસે,
નીંદાયે માતાને પુત્ર મારે લાતરે. ૮૬
સતગુર કહેરે નીંદાયે કલંક ચડાવસે,
તે સતપંથીને છે હરામ;

નીંદા એવી છે પાપણી,
જેથી બગડે સરવે કામરે. ૮૭
સતગુર કહેરે જ્યારે એવી પાંચ હત્યા સતપંથમાં થાશે,
તારે અમે તે છપી જાય;
જો ગત મેલા મલી પાપ ઉતારશે,
ભાઇ તોય પાપ ન જાયરે. ૮૮
સતગુર કહેરે જ્યારે પાંચ હત્યા એવી વાપરે,
તારે નર તે નીરાકાર થાય;
તે ગત મલી બેસસે,
તે કરસે અધરમ અન્યાયરે ૮૯
સતગુર કહેરે તે પોતે પાપ ન ઉતરસે,
અને જે ગત કરે તે સાર;
કલસ ગુર બ્રમાજી આપે જોતમાંહે રાખસે,
આપે કરસે રાજદુવારરે. ૯૦
સતગુર કહેરે હકીકતી ગીનાની સતપંથી,
તેનું સદાઇ સાચસું વેવાર;
તે નીંદા જુઠથી અળગો રેસે,
અને દુરથી રાખસે ઇમાનરે. ૯૧
સતગુર કહેરે નરતો આગે દેવતા,
અને તેની સરવ જોતજ જાણ;
તેનું ઘડી ઘડી માંહે રૂપ છે કોડામણુ,
ભાઇ તાસુ રાખો ઇમાનરે. ૯૨

સતગુર કહેરે ઇમાન રાખશો તો છુટશો,
અને ગુર કહે છે પોકાર;
સાચી દસોંદજ આલજો,
અને દુરથી લાગજો પાયરે. ૯૩
સતગુર કહેરે કોલ દસોંદનો તમે આલીયો,
અને તે માતાના ગીરભાવાસમાં જાણ;
તેમ નીંદાનો કોલ પણ આલીયો,
જે નહી કરવી કેની વાતરે. ૯૪
સતગુર કહેરે દસોંદ આલો તમે સાચસું,
તે નરને હજુરજ જાણ;
તે પાટો લીધો સવા લાખનો,
તે લીધો ટંકશાળનો જાણરે. ૯૫
સતગુર કહેરે સવાલાખ ત્યાં પામસો.
અને જેવાં દીધાં હસે દાન;
જ્યાં નહી મલસે અન પાણિ એક તલ,
ત્યાં લેસો દસોંદ દાનના ફળ. ૯૬
સતગુર કહેરે સતપંથી તમે રહેજો સતસું,
અને તમે આલ્યા કોલ તેનુ કરજો વીચાર;
તે છાપો લીધો ત્રાંબા પાટનો,
તે કઈ ન ખોટો થાયરે. ૯૭
સતગુર કહેરે એવો ધરમ કેમ હારીયે,
અને દુનીયાની લાજેજ જાણ;

તે લાજ રાખો છો સંસારની,
અને રાખો છો નીંદાસુ નેહરે. ૯૮
સતગુર કહેરે લાલચ દેખો જીવની,
જે કરે પારકી નીંદા જાણ;
તારે તે એ તડથી ડોલી પડસે,
એવો જાસે ધરમ-નીમ-નીરવાણરે. ૯૯
સતગુંર કહેરે નીંદા કીધે સું આવે,
અને વળી જેથી ઇમાનજ જાય;
ગુરનરના ત્યાં ચોર કેવાસો,
ભાઇ આખર નરગંમાં ઠામરે. ૧૦૦
સતગુર કહેરે સુકૃળ કામે સરવે તરશે,
અને આગલ છે તોલ મીજાન;
ત્યાં તીલ તીલનાં લેખાં સાહેબ માગશે,
તે હાજર ગુર બેસાડી જાણરે. ૧૦૧
સતગુર કહેરે તોલ મીજાન અમે જણાવીયા,
અને તમે ડરજો સરવે સંસાર;
ને આગલ જાતાં જાણસો,
તારે મ કરજો પોકારરે. ૧૦૨
સતગુર કહેરે અમે પોકારયું અતીઘણું,
અને ચવટે ચડી જાણ;
પણ અમારી પોકાર સાંભલી બેરા થાશો;
તેની ત્યાં ન ચાલે પોકારરે. ૧૦૩

સતગુર કહેરે અમારી પોકાર જે સાંભલે,
તે સાંભલે એકાંતે જાણ;
તે પાંચ હત્યાથી અલેગ રેસે,
ભાઇ તે માંહે છે અમારૂં ઠામરે. ૧૦૪
સતગુર કહેરે અમે આવી તેમાં બેસીયે,
અને બોતેર કોઠામાંહે થાય અવાજ;
રેણી જાય તેની જાગતાં,
ત્યાં રચના ગનાનની થાયરે ૧૦૫
સતગુર કહેરે અજમ્પીયા જાપ તેને ઘટે વસે,
અને કાયામાં થાય જંત્રી અવાજ;
ત્યાં બોતેર કોઠામાં તાલ તંબલ વાજે,
તેની ઘાત જાણે વિરલો કોયરે. ૧૦૬
સતગુર કહેરે તે જીવની જીભ અમતણી,
અને વસે તે સંસારજ માંહે;
તેને બંધ બંધાણા અમતણા,
તેની ઘાત જાણે કોયરે. ૧૦૭
સતગુર કહેરે દસ આસમાન તે માંહે વસે,
તે માંહે સુરત નીરત સમાય;
જે ભ્રાત કાઢે મનથી,
તેની દ્રસ્ટી ઇમાની થાયરે. ૧૦૮
સતગુર કહેરે સાચા ઇમાની તે કહીયે,
જે માંહે વસે સાચા ઇમાન;

તે એબ ન કાઢે પારકી,
અને દુખ દેવે આપણે મનરે. ૧૦૯
સતગુર કહેરે ગત સઘળીમાં સાહ પીર ભસે,
અને ગતમાં જોતજ જાણ;
તે જોત પ્રકાસ કાંઇક રાખશો,
તો તમારા જીવની રેશે શરમરે. ૧૧૦
સતગુર કહેરે ધરમ દાન ગુર મુખે આલીયે,
અને દીજે દસોંદનુ દાન;
ગુરગત હજુર જો આલીયે,
તો સાહેબ પુરે મનની આસરે. ૧૧૧
સતગુર કહેરે જપ તપ ઉતમ ઠામનુ,
તે એકાંતે એસી કીજીયે કામ;
પણ જો નીંદા કરશો પારકી,
તો વણસસે ધરમના કામરે. ૧૧૨
સતગુર કહેરે સતનો કોલ નવ આલીયે,
અને સતકારણ પોતે લુંટાય;
તે પડે સુરતજ લાવીયે,
અને સુરતે તે સત કોલ પાળરે. ૧૧૩
સતગુર કહેરે સુરા જેમ રણમાંહે લડે,
અને સીર કપાવા જાય;
તે પાછો પગલો નવ ધરે,
તે સનમુખ ચાલ્યો જાયરે. ૧૧૪

સતગુર કહેરે એબ પર દીધે ઇ કામ છે,
અને દુનીયામાં કથણી થાય;
તે જ્યાં તમે બેસો હેતસું,
ત્યાં ભાવ ન રાખે કોયરે. ૧૧૫
સતગુર કહેરે તે બે ભાવે કેમ રહીયે,
અને પ્રીત પોતાની રાખ;
એવા ભાવસું કોઇ સાચો મીલે,
ભાઇ તેને કોલજ આપરે. ૧૧૬
સતગુર કહેરે બે ભાવે જે કોઇ રહે,
તે ઉપર ભાવ ન રાખે કોઇ;
તે જેને કાજે અમે આવીયા,
ભાઇ તાસું ભાવજ રાખરે. ૧૧૭
સતગુર કહેરે અમે આવી જેને મલીયે,
તેને કોઇ આગલ ન કરવી વાત;
જો અંતરનો ભેદ કેને આપશો,
તો રીસામણું અમારૂં થાયરે. ૧૧૮
સતગુર કહેરે રીસામણું અમતણું દોયલું,
તે દોયલું ઘણા ઘણું જાય;
વળી ઉભા થઇ જો તપ કરશો,
ભાઇ તોય ન મલસું જાણુરે. ૧૧૯
સતગુર કહેરે મીલી પાંચ સાત થઇને બેસશો,
અને મોટેરા થઇ બેસશો જાણુ;

ત્યાં અમને મ જાણજો,
જીયાં નીંદા થાય નીરવાણરે. ૧૨૦
સતગુર કહેરે જ્યાં નીંદા થાય ને રીસ ઘણેરી,
અને કરોધ મોટેરો થાય;
તે કાલે મોઢે ચાલશે,
તે તમે સાને કરો એવાં કામરે. ૧૨૧
સતગુર કહેરે જ્યાં અનત દેવ આવી મલસે,
અને મલસે તે આલમ ને સ સાર;
તે માંહે કાલે મોઢે ચાલસે,
અને ઘણો થાસે ખુવારરે. ૧૨૨
સતગુર કહેરે ચાર દીન તમે જીવશો,
તેમાં લાગી છે પ્રીત અપાર;
તે કાલે પ્રીતજ તુટશે,
તારે આગલ શું દેશો જવાબરે. ૧૨૩
સતગુર કહેરે કાયા કાચી કાલે ગલી જાસે,
તારે જીવને થાશે દુખ અપાર;
તે જીવને તમે રાખજો સતસું,
અને પારકી નીંદા મ કરજો લગારરે. ૧૨૪
સતગુર કહેરે ચેતણહારા તમે ચેતજો,
અને કહું છું છેલી વાર;
ત્યાં અમે અખાડે ચડી પોકારશું,
ત્યાં ચોર થાશો નીરવાણરે. ૧૨૫

સતગુર કહેરે ખટઘડી તમે જાગજો,
જે વેલા નુરની કહેવાય;
પોતાનું પીંડ તમે સાચવજો ભાઇ,
બીજાનુ શું છે કામરે. ૧૨૬
સતગુર કહેરે અંતરનો ભેદ કેને ન આલીયે,
જો સીર કાપી દીયે હાથ;
તે જો સીર કાપી દીયે આપણુ,
ભાઇ તોય ભેદ ન આપરે. ૧૨૭
સતગુર કહેરે સીર દીધો તો શું થયું,
જો રીદો ન ભીનુ જાણુ;
પણ કટકા કરે કાયા તણા તોય,
અજપ્યા જાપ વીના કુડાં કામરે. ૧૨૮
સતગુર કહેરે ધરમ તેને આલીયે,
જો હોવે ધરમી માહા સુંજાણુ;
અવર કોઇ માથે આવી પડે,
કોઇ દુશ્મનની ફોજ જાણુરે. ૧૨૯
સતગુર કહેરે ફોજ દળ તો દઇત તણી,
તેનુ અંતે લાગે જોર;
પણ નારાયણનુ નામ જેને રદેહે વસે,
તે જંપે અજપ્યા જાપરે. ૧૩૦
સતગુર કહેરે સીર પડે તો સહી રહયે,
પણ ન કાઢીયે પોતાનુ ભેદજ બાર;

તે જીવને અમે કોલજ આલીયે,
ગુરૂ કહે તે અમ સાથે જાણરે. ૧૩૧
સતગુર કહેરે સંગત અમારી છે સાચની,
અને સાચે ભાવે હું તારણહાર;
તે તો ઉવાટે નહી ચાલસે,
જેને અમારી સંગત થાયરે. ૧૩૨
સતગુર કહેરે સતે થઈને ચાલીયે,
અને સતનો કરીએ શણગાર;
સત નામે જો સુફળ કામ કીજીયે,
તો પામો સત દીદારરે. ૧૩૩
સતગુર કહેરે દિદાર કીજે શાહ અલીતણો,
અને કીજીએ પુરે વીશ્વાસ;
ઈમાન રાખીએ સાચનું,
તો પામીયે શાહાના દીદારરે. ૧૩૪
સતગુર કહેરે દીદાર કીજે શાહ તણા,
વળી તેનુ ન જાણીએ ભેદ;
તો જેમ પાવઈઆને પાનો ચડે,
ભાઈ તેને તેવો દિદારરે. ૧૩૫
સતગુર કહેરે દેહ નીરમલ કીજીયે,
અને મનમાંહે મેલ મ આણ;
જો કાયા કસાવો આપણી,
તો ધરમને આલો માનરે. ૧૩૬

સતગુર કહેરે રેણી કીજે યે ધરમમાં,
અને દીને સાચું બોલ;
સાચા થઇને ચાલીયે દ્રઢ થઇ,
જેમ બીજો ન જાણે કોયરે. ૧૩૭
સતગુર કહેરે જીસ ઘટ ઇમાન નહી સાચસું,
તે કુડાં ચલાવે આલ;
તેને દીઠે સાચ તો ગમે નઇ,
તેને સહિ નરગી જાણુરે. ૧૩૮
સતગુર કહેરે દાસ હમારા તે કહીયે,
જે દીયે દસોંદનુ દાન;
તે હોય ગરીબ કોઇ એબ ચડાવે,
તોય મુખથી ન બોલે વાણુરે. ૧૩૯
સતગુર કહેરે દાસ હમારા તે કહીયે,
જે કેને ન આલે એબ;
બાકી તો સરવે દાસ છે,
પણ આખર પડસે રદરે. ૧૪૦
સતગુર કહેરે દાસ હમારા તે કહીયે,
જે દુનીયાસું અંધા જાણ;
જ્યાં નીંદા થાય કોઇ વાતની,
ત્યાં સુરતી ન રાખે જાણુરે. ૧૪૧
સતગુર કહેરે દાસ હમારા કોઇ રહયા,
જયારે કેવાણા સતપંથી જીવ;

જે એબ ઢુંઢે પારકા,
તે સતપંથી નહી તે ચોરરે. ૧૪૨
સતગુર કહેરે સતપંથી તો ઉતમ અવતાર છે,
તેને સઉ કહે છે દાસ;
તે સતપંથી જ્યારે જુઠું બોલશે,
ત્યારે જાણો મધમ અવતારરે. ૧૪૩
સતગુર કહેરે ચાર જુગમાંહે જીવડા આવ્યા,
અને ફરતા સતપંથજ માંહે;
જ્યારે કુસંગતીયા સંગે બેસતા,
તારે થયા છે ગુરનરના ચોરરે. ૧૪૪
સતગુર કહેરે સતપંથી હવે તમે ચેતજો,
અને વારો પોતાનું મન;
હવે એક તીલ જુઠું બોલસો,
તો ગુર કહે નઇ પામો મોક્ષરે. ૧૪૫
સતગુર કહેરે ચાર જુગનાં જીવડા છુટીયા,
તે બેઠા જુવે છે વાટ;
તે માંહે જુઠો થઇ ચાલશો,
તો શું દેખાડશો મુખરે. ૧૪૬
સતગુર કહેરે જેણે પોતાનો જીવ ન વારીયો,
ને બીજાને દે છે દુખ;
તે આગલ જાતાં જુઠો પડસે,
ભાઇ તે જીવથી રહેજો દુરરે. ૧૪૭

સતગુર કહેરે સેવા કીજે સતપંથની,
અને તે ગુરગતસું ધ્યાઇ;
પણ નીંદાયે મન નવ રાખીયે આપણું,
જેથી ધરમ સરવે જાયરે. ૧૪૮
સતગુર કહેરે અમે પોકારયું ખોતકર,
અને વેદમાંહે દીધી સાખ;
ગુરગત સાથે બેસંતા,
પણ જીવ ન રાખે ઠામરે. ૧૪૯
સતગુર કહેરે પુરવ જનમના જે પાપી થયા,
તે ન મેલે પોતાનું ઠામ;
તે ગત જુમલામાંહે આવી ભલે,
તોય ન મેલે પાપનુ કામરે. ૧૫૦
સતગુર કહેરે લીંબ કડવા તે મીઠ ન હોવે,
જો દીજે સરવે જુગકા રસ;
તે દીદાર દેખે શાહ અલી તણા,
તોય કડવાઇનું ન જાય કસરે. ૧૫૧
સતગુર કહેરે તે ફોગટ દુનીયા તેને માનવે,
તે લીંબથી ન છુટે પાપ;
તે ભેળા જો કાંઇ બોલાયે,
તો ઉલટો દોજકે જાયરે. ૧૫૨
સતગુર કહેરે જીસ મુખે હરી નામ જપીયે,
અને નામ નારાયણનુ જાણ;

તિસ મુખથી કેને આળ બોલીયે,
તો કેમ કરી પામીયે મોક્ષરે. ૧૫૩
સતગુર કહેરે જીસ મુખથી અમરત જમીયે,
અને તીસ મુખ ખીર ને ખાંડ;
તીસ મુખથી કેને એબ ચડાવીયે,
તારે તે જમ્યાના કેવાં ફળરે. ૧૫૪
સતગુર કહેરે તમે નેહજ રાખો ગુરનર સાહસું,
અને ગુરનરની જાણો વાત;
તમે ચીતમાંહે ચેતિ બોલશો,
તો લખે જબરાઇલ હાથરે. ૧૫૫
સતગુર કહેરે જ્યાં થકી તમે અવતરા,
અને અવતરા સંસારજ માંહે;
તે દિનથી અમે લેખો માગશું,
અને ધરમ પાપનુ જાણરે. ૧૫૬
સતગુર કહેરે લેખો થાશે ગુરનરના હજુરમાં,
અને પાસં ગુર બેસાડી જાણ;
ત્યાં ધરમ તમારો તોલસે,
અને ચડસે કાગળે જાણરે. ૧૫૭
સતગુર કહેરે ધરમ દસોંદ દેતા જે પુરા પડસે,
તે થાશે તોલા તોલ;
પછે તો ગુરનરને હાથ છે,
તે તોળ્યાની સુધજ જાણરે. ૧૫૮

સતગુર કહેરે પાપજો એકતીલ વાધસે,
વલી નારાયણુને હજુર;
તીયાં જીવ ઘણું પસતાસે,
અને પડશે ઘા માથામાં જાણુરે. ૧૫૯
સતગુર કહેરે અદલ કરસે મેરો સાંઇય,
ત્યાં ખમીય.ના ફળજ જાણુ;
જે ખમીયા રાખે દેહીમા,
તેને ત્યાં થાસે સલામરે. ૧૬૦
સતગુર કહેરે પાંચ તતવમાં સરદાર છે,
ભાઇ તેનુ ખમીયા નામ;
જે ખમીયા રાખે દેહિમાં,
તેને ત્યાં ઉઠી કરે સઉ સલામરે. ૧૬૧
સતગુર કહેરે વગત રાખીયે આપણી,
કેને મુખથી ન બોલીયે લગાર;
એકાંતે ચાલીયે મનસું,
તો આગલ પામસો વરનુ મોક્ષરે. ૧૬૨
સતગુર કહેરે એકાંતે ધરમજ કીજીયે,
અને ગતને કીજે સલામ;
હાલ વાયકે ગતમાં ચાલીયે,
તો આગલ પામશો મોક્ષરે. ૧૬૩
સતગુર કહેરે છાનુ ધરમજ રાખીયે,
જેમ બીજો ન જાણે કોઇ;

ગત આગલ આજજ કીજે યે,
તો ચઉટે ચડીને લેશો દિદારરે. ૧૬૪
સતગુર કહેરે રેણી જાગીયે આપડે,
જાગી જાપીયે શાહ પીરકો નામ;
નીંદ્રા થાય ત્યાંથી ઉઠી જાઇયે,
તો રેણીનુ મુલ પામો અમરઠામરે. ૧૬૫
સતગુર કહેરે રેણી જાગે આપડે,
પણ મનથી ન મેલે અહંકાર;
તેને સુધો ચોરજ જાણજો,
તેની વેદમાંહે છે પોકારરે. ૧૬૬
સતગુર કહેરે વેદ પોકારે ચોમુખથી,
જે માંહે બ્રમાજીની સાંખ;
જે વેદ વીચારી નઇ ચાલશે,
તે કેમ આવે અમારે દુવારરે. ૧૬૭
સતગુર કહેરે ઘર અમારો છે દોયલો,
તેમાંહે ઘાટીયું છે અપાર;
એક એક ઘાટીમાંહે સોળ ચોક છે,
તે બીન ખમીયા ન આવે હાથરે. ૧૬૮
સતગુર કહેરે ખમીયા કીજે સત ધરમની,
જેમાં દેવ ભરયા છે અનતઅપાર;
તે દેવની સભા તો પામીયે,
જો રેણિ રહીએ જાગી જીકરજ સારરે. ૧૬૯

સતગુર કહેરે ધરમી કારણુ અમે આવીયા,
અને જોવા સતપંથી જીવ;
જે સતપંથી સાચા ઇમાનસુ,
તે અમારા સાચા ઉતાક માતરે. ૧૭૦
સંતગુર કહેરે સતપંથી તેનું નામ કહિયે,
જેણે પંજભુ મારયા કાળ;
ખમીયાના ખડંગ તેને રદેહ સમાણા,
ભાઇ તેને કહીયે ઉતાક મીતરે. ૧૭૧
સતગુર કહેરે સતપંથ માંહે ચાર દેવતા,
અને ભગત તેના નામ;
પેલાજ હરીચંદ જાુજેશઠલ,
પીર સદરદિન તેને સાથરે. ૧૭૨
સતગુર કહેરે હેતજ ખાણ માંહેથી તે નીપના,
આજ ચકફદ વેલામાંહે જાણુ;
સુકરવારિ બીજનુ ફરમાન છે,
આજ પીર હસન કબીરદીન તેનુ નામરે. ૧૭૩
સતગુર કહેરે નરનરીજન તો નીરાકાર છે,
તેનુ મવલાઅલી છે નામ;
સતગુર સોહાદેવ એમ ભાંખીયા,
શાહાનુ પંછમ દીસમાંહે ઠામરે. ૧૭૪
સતગુર કહેરે હુરાઉ પચાસ તેની જાયસે,
અને વળી સરગવાશો ન જાણુ;

તેને પ્રીટકાર લાગે સતગુર તણી,
જે રાખે પર ઇસતરીસું નેહરે. ૧૭૫
સતગુર કહેરે પર ઇસતરીસુ ધરમ જાઇસે,
અને ગુમાવો સરગ વાસો જાણ;
સહુમાંથી સાખજ જાશે,
તો તમે સેને કરો એવાં કામરે. ૧૭૬
સતગુર કહેરે સાખ ગઇ અને સીલ ગયું,
અને ગઇ પોતાની પત;
સોઇ કામજ કીજીયે,
જેમાં ચાલે પોતાનુ વરતરે. ૧૭૭
સતગુર કહેરે સતનું વરત સુકરવારી બીજ છે,
અને બાર પોર પુરા જાણ;
અરધો આહાર કરીને રાખશે,
તે પામશે અમર ઠામરે. ૧૭૮
સતગુર કહેરે સેહેજના દાનજ દીજીયે,
અને દીજે ગત ગુર મુખે જાણ;
વળી ગતમાં બીજ સુકરવારી છોડશો,
તો પામશો મોક્ષ દીદારરે. ૧૭૯
સતગુર કહેરે નીમ થાપના જ્યાં કીજીયે,
ત્યાં કેસો જુઠનો વેવાર;
તે ઠામે જે અજાણ્યું બોલસે,
તેનું જાશે ધરમ નીમ નીરવાણરે. ૧૮૦

સતગુર કહેરે ધરમ નીમતો મોર છાપ કહીયે,
અને વલી ગુરની મોર છાપજ જાણું;
ત્યાં મોહોર મારી છાપ નરની,
તે મોહોર નારાયણની જાણુરે. ૧૮૧
સતગુર કહેરે નુર નારાયણ એક છે,
અને મેહેસર મુરત તેની જાણું:
દેવ શકતી આવી છે તે માંહે,
ભ્રાત રાખે તે ભુલ્યો ગેમારરે. ૧૮૨
સતગુર કહેરે ચાર મુરતે ધરમજ થાપીયો,
તે સતગુર બ્રહ્માજી આપોઆપ;
સુકરવારિ બીજ જે થાપશે,
તેને મુખ મુગતનું ઠામરે. ૧૮૩
સતગુર કહેરે શુકરવારી બીજ જે કોઇ કલમાંહે થાપસે
અને થાપસે પુરે વિશ્વાસ;
તે જીવને મુગતજ થાશે,
અને સહી થાશે અમારો દીદારરે. ૧૮૪
સતગુર કહેરે અમારે દુવારે તે ફલ પામસે,
અને તેત્રીસ કરોડ દેવતાને હજુર;
જેણે પરઇસતરીસું ગવન કરયાં,
તે રેસે અમથી દુરરે. ૧૮૫
સતગુર કહેરે ધરમ તો સરવે ખોઇ રહેશે,
અને ન હોસે હરીને હજુર;

તે પરનારીને કારણે,
તે અમથી થાસે દુરરે. ૧૮૬
સતગુર કહેરે જેણે પરનારી તજી વેદ તતવસું,
અને રીદામાં રાખ્યો ધરમ નેહ;
તે અમથી આગલ જાઇ બેસશે,
જ્યાં છે અમારૂ ઠામરે ૧૮૭
સતગુર કહેરે અમારા ધરમમાં જે જીવ રહયા,
અને તેને છે અમારો રંગ;
તેને હરી હેતસું હુરાઉ દેશે,
અને તેને દેસે ઘણા ઘણા માનરે. ૧૮૮
સતગુર કહેરે હુરામાં જાઇ તે જીવ રહેશે,
તેનો અમરાપુરીમાંહે વાસ;
તે ઘર અમે જાઇ બેસશું,
તેનું કરશું ઘણો મેમાયરે. ૧૮૯
સતગુર કહેરે મેમા અમારો માતા તણો,
અને પીતા અમને જાણુ;
પણ પરઇસતરીને કારણે અમને મેલશો,
તો અમે માતા પીતા કેમ થાયે નીરવાણરે. ૧૯૦
સતગુર કહેરે મેમા અમારો રાખજો,
અને વચન અમારા સીર ચડાઇ;
તે તો પાંચ હત્યાથી છુટશે,
તે અમારાં વચનને પ્રતાપરે. ૧૯૧

સતગુર કહેરે અમારા વચન જે માનશે,
અને તે હોશે અમારે પાસ;
તે પાંચ હત્યાથી અલગો રેસે,
તે પામસે અમારો દીદારરે. ૧૯૨
સતગુર કહેરે તે દીદાર અમારો તે પામશે,
વળી બેસશે અમારે પાસ;
તે મેવા પામે અતી ઘણા,
અને પામશે શાહાનો દીદારરે. ૧૯૩
સતગુર કહેરે ત્યાં મેવા પામશે અતી ઘણા,
અને મલાયક આવે હજુરજ માંહે;
ત્યાં અનત ખીજમત આવી કરશે,
એમ કહે સતગુર સમસ નીરવાણરે. ૧૯૪
સતગુર કહેરે કાયા નાવ કીજે હરી નામકી,
તે માંહે ભરીયે સતનો ભાર;
દસોંદ સુકરીત ગત આગલ દીજીયે,
ભાઇ તે સતગુરકે ફરમાનરે. ૧૯૫
સતગુર કહેરે ગત ગંગા માંહે સુકરીત કીજીયે,
અને કીજે રદો નીરમલ જાણ;
તે રદામાંહે કાંઇક કાયલી આણસો,
તો તેને ગુરગતનુ નહી ફરમાનરે. ૧૯૬
સતગુર કહેરે ગત ફરમાને માહાદન ઉતરે,
અને ગત ફરમાને પાતક જાય;

ગત ફરમાને છાંટો નંખાવીયે,
જે માંહે ગત ગંગાનુ સ્નાનજ થાયરે. ૧૯૭
સતગુર કહેરે ગુરજીયે નર દેખાડીયા,
અને ગુરજીયે દીધો ભેદ;
તે ગુરનર એક છે,
તેની વેદમાંહે ગુરે દીધી સાખરે. ૧૯૮
સતગુર કહેરે વેદ પ્રમાણે જે ચાલશે,
અને તે ગતગંગામાં આવશે જાણુ;
તે ગતગંગામાં ગુરનર જાહેર છે,
ભાઇ રખે અધુરા દોઇ કરી જાણુરે. ૧૯૯
સતગુર કહેરે જેણે ગત અધુરી કરી જાણી,
તે જીવ સહી નરગી જાણુ;
પાંચ હત્યા તેને સીર બેસસે,
એમ કહે પીર સમસ નીરવાણુરે. ૨૦૦
સતગુર કહેરે પીર સમસ તો ઉતમ જાણીયે,
જેની કુરાનમાંહે છે સાખ;
તે પીર સમસ ગતમાં જાહેર છે,
ભાઇ તે ત્યાં ગત ગંગા તીરથ જાણુરે. ૨૦૧
સતગુર કહેરે પીર સમસે કુરાનજ ભાખીયા,
અને ભાખ્યા ચાર વેદજ જાણુ;
તે ગતગંગામાં બેસી કરી,
કીધી સાચી સાખ નીરવાણુરે. ૨૦૨

સતગુર કહેરે સાચી સાખ તો એલમ તણિ,
અમે છઇયે શાહાના દાસ;
ગતગંગા માંહે જે મલી ગયા,
અને સાંભળો તેનો ભેદરે. ૨૦૩
સતગુર કહેરે સુરભાણુ વીમરસ હોઇ રહયા,
તે રહયા અમારે પાસ;
અમે ફુરમાવ્યાં તેમ કરયાં,
તે ગત ગંગાને પરતાપરે. ૨૦૪
સતગુર કહેરે ગત ગંગાને અમે ત્રણવચન કહયાં,
અને ફુરમાન બોલ્યા તેહ;
જ્યારે ફુરમાન અમારો સીર ચડાવીયાં,
તારે અમે એલમમાં આલી સાંખરે. ૨૦૫
સતગુર કહેરે વીમરસ સુરભાણુ દોનુ એક હેય,
તે હે ગત ગંગામાંહે જાણુ;
તે ગતગંગાને વચને ચાલીયા,
તે પોતા વઇકુંઠ મીંજારરે. ૨૦૬
સતગુર કહેરે અમારે વચને સીર દીધો,
તે દીધો અમારે હાથ;
તારે અમે મનમાંહે બહુ રાજી હુવા,
તે ગતગંગાને પરતાપરે. ૨૦૭
સતગુર કહેરે સીર દીયા તે અમને,
અને અમે આરોગ્યા આપ;

તે અમ ભેળા વસે છે,
તમે રખે જાણો દુરરે. ૨૦૮
સતગુર કહેરે અમારાં વચન જે માનશે,
તે છે અમારા ગલેકા હાર;
તેને ગલાકા હાર કરી રાખશું,
તીસ મોમનકા સુખ અંત ન પારરે. ૨૦૯
સતગુર કહેરે તે વીમરસ મુમન હોઇ રહયા,
તે ગતગંગાને પરતાપ;
તે ગતગંગાના વચન જે માનસે,
તે મોમન સાચા નીરધારરે. ૨૧૦
સતગુર કહેરે મુમન તેનુ નામ છે,
જે મનમાંહે ન રાખે ભરાંત;
જે મોમન ભરાંત રાખશે,
ભાઇ તે કાચો હોવે નીરધારરે. ૨૧૧
સતગુર કહેરે દુનીયા સરવે દુરીજન છે,
અને કોઇ કીસીકે સંગ ન થાય;
લોભે આવી કંઇક મલ્યા,
પણ ખાલ સીર દીધો ન જાયરે. ૨૧૨
સતગુર કહેરે સુરભાણે ખાલ ઉતારી અમને દીધિ,
તે તો દેખતાં સરવે સંસાર;
ત્યાં અનેક આદમી અમ સાથે હતા,
ભાઇ તેમાં કોઇ ન આવે પાસરે. ૨૧૩

સતગુર કહેરે મન હોય તો ખાલજ દિજીયે,
અને મન વીના ન હોવે કામ;
તે મન ઢુંઢી કાઢીયે,
તે લોક મન દુરીજન જાણરે. ૨૧૪
સતગુર કહેરે સુરભાણ અમને આવી મલ્યા,
તે આવ્યા મોચીકે ઘેર;
અમે તેને હરખસું તેડાવીયા,
તે આવી પોતા અમારે પાસરે. ૨૧૫
સતગુર કહેરે અમારા હજુરમાં તે રહયા,
અને હુકમ અમારા માંહે જાણ;
અમે સરવે તાયફે શાહ નજફથી,
અમે શાહ નજફથી કરાવશું માફરે. ૨૧૬
સતગુર કહેરે સુરભાણને સુરતિ અમારી,
વળી અમારો તેને લાગો નેહ;
ત્યારે પીયાલો અમે એઠો આલીયો,
ભાઇ તારે પામ્યા ભેદરે. ૨૧૭
સતગુર કહેરે ભેદ પામ્યા ને જોત પ્રગટી,
તેજ રૂપ હુવા સરૂપ;
તારે અમે પારખું જોઇયું,
તે ગતગંગાને પરતાપરે ૨૧૮
સતગુર કહેરે ગતગંગાને અમે આગલથી,
અને વચન કહ્યાં ત્રણ;

તે ગત ત્રણવાર વચન માન્યા નહી,
તારે અમે કીધાં ગુણતજ કામરે. ૨૧૯
સતગુર કહેરે કામ કીધાં ગત પ્રતાપે,
અને સુરભાણને આવી જોત;
તારે સુરભાણુ આવી અમ પાસે ઉભા રહયા,
તે ચત ગંગાને પરતાપરે. ૨૨૦
સતગુર કહેરે વચન અમારાં જે માનશેં,
તે માંહે છે અમારી જોત;
તે જોત પ્રકાશે ખાલ દીધી,
તે દીધી ભગત સુરભાણુ આપરે. ૨૨૧
સતગુર કહેરે તેણે ખાલ ઉતારી પોતાના દીલની,
તે દીધી નારીને હાથ;
તે અમને આણીને સોંપી,
તે માંહેથી પગની મોજડી કીધી જાણુરે. ૨૨૨
સતગુર કહેરે એવા રખીસર જ્યારે આવી મલ્યા,
તારે અમે થયા રલીયાત;
તેને છાપો દિધો સરગનો,
તે ગયા અમરાપુરી માંહેરે. ૨૨૩
સતગુર કહેરે ધરમ તો સાચો ઇમાનનો,
તે ઇમાન સાચો જાણ;
તે ઇમાન જે લાવશે ફરમાનસું
તે દાસ હમારા જાણુરે. ૨૨૪

સતગુર કહેરે જો ધરમ કરશે ઇમાન સાચલું,
તે બેસસે સુરભાણની પાસ;
તેણે ખાલ દીધી હુમકું,
અને આપે હુવા પાકરે. ૨૨૫
સતગુર કહેરે પાક નામ તો નારાયણનુ છે,
અને અવીચલ વચન બ્રહ્માજી જાણ;
ગુર ગીનાન જેણેરે જાણીયા,
તે ભગત હુવા સાચા જાણરે. ૨૨૬
સતગુર કહેરે હમારી દેહિ તો સુરભાણ હુએ,
અને સુરભાણ દેહી હમારી જાણ;
તે મોમન અઢાઇ માંહેથી કહીયે,
અરધો મોમન તે સારરે. ૨૨૭
સતગુર કહેરે સુરભાણ વીમરસ દોઢ મુમન કહીયે,
અને અરધો મોમન એની નાર જાણ;
અરધો મોમન હરજી મોચી કહિયે,
જેણે સીવી અમારા પગની મોજડી જાણરે. ૨૨૮
સતગુર કહેરે ભાવ વોણા કોઇ મોમન નહી હોવે,
એમ કહે પીર સમ્સ નીરવાણ;
ગતગંગા માંહે છુટીયે,
જીસથી જાય સરવે પાપરે. ૨૨૯
સતગુર કહેરે સોળ કળા સતગુર તણી,
અને બાર કળા નારાયણની જાણ;

તે માંહે ચાર કળા ગતમાંહે વસે,
તે કળા નરની પરમાણુરે. ૨૩૦
સતગુર કહેરે ગુરજી ગનાનજ ભાંખીયા,
અને વેદ પ્રમાણે વાત;
સતગુર માંહે જે તેજ વરતે,
તે પીર સમસનો અવતારરે. ૨૩૧
સતગુર કહેરે પીર સમસ થાનક કરી રહયા,
અને રહયા તે મુલસ્તાન માંહે;
આસમાનથી સુરજ મંગાવિયા,
તે પીર શમસકે ફરમાનરે. ૨૩૨
સતગુર કહેરે ચેતણહાસ તમે ચેતજો,
અને એ છેલો અવતાર;
શાહ મવલાઅલી તેનું નામ છે,
તે બેઠા પાછમ દિસ મીંજારરે. ૨૩૩
સતગુર કહેરે દસોંદ એ નરને આલીયે,
અને બોલ્યા બોલજ પાળ;
જે દસોંદ દેતાં ખંડત કરશે,
તો ક્યાં થકી પામે અમારો દીદારરે. ૨૩૪
સતગુર કહેરે દિદાર તો અમારો દોયલો,
અને રાતે જાગો લોક;
નીંદ્રા તેને શું કરે,
જે રાખે પીર સમસસું હેતરે. ૨૩૫

સતગુર કહેરે લોક દેખતાં નેહજ રાખશે,
અને દીલમાંહે નીંદ્રાને કાળ;
આવ્યો અમર જે ઓરાંગસે,
તે નીંદ્રામાંહે પડશે નીરધારરે. ૨૩૬
સતગુર કહેરે અહાર પોતાનું આરોગીયે,
અને અરધો અહાર છે સાર;
હક કમાઇ કરીને હક ખાઇયે,
ભાઇ તેને નીંદ્રા ન થાય લગારરે. ૨૩૭
સતગુર કહેરે નીંદ્રા તો જમની દાસી જાણીયે,
અને કાયા કસીયે આપ;
પોતાના હકની કમાઇ કરીને ખાઇયે,
ભાઇ તો નીંદ્રા ન આવે પાસરે. ૨૩૮
સતગુર કહેરે કીરીયા ધરમ દસોંદ સાચી આપીયે,
તે દીજે આપણે હાથ ઇમાન;
તેનુ મુવા પછી ફળ પામીયે,
જો હાથે દીજે દસોંદનું દાનરે. ૨૩૯
સતગુર કહેરે હાથે ધરમ દસોંદ દીજે સાચસું,
સતગુર બોલે તમે સાચ રાખો વીશ્વાસ;
પીર સમસ કહે તેને સવાલાખ ઘણેરૂ આપશું,
તે આપસું સતગુર સાહેબજીકે પાસરે. ૨૪૦

સલોકો મોટો સંપૂર્ણ.

